Food and Agriculture
Organization of the
United Nations

# નાના પાયે માછીમારી કરતા માછીમારો માટે સમુદ્રમાં સલામતી



BOBP

# નાના પાયે માછીમારી કરતા માછીમારો માટે સમુદ્રમાં સલામતી

ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન ઓફ ધ યુનાઇટેડ નેશન્સ
રોમ, ૨૦૨૧

જરૂરી ઉદ્ધરણ:
FAO. 2021. નાના પાયે માછીમારી કરતા માછીમારો માટે સમુદ્રમાં સલામતી. રોમ.

The designations employed and the presentation of material in this information product do not imply the expression of any opinion whatsoever on the part of the Food and Agriculture Organization of the United Nations (FAO) concerning the legal or development status of any country, territory, city or area or of its authorities, or concerning the delimitation of its frontiers or boundaries. The mention of specific companies or products of manufacturers, whether or not these have been patented, does not imply that these have been endorsed or recommended by FAO in preference to others of a similar nature that are not mentioned.

The views expressed in this information product are those of the author(s) and do not necessarily reflect the views or policies of FAO.

ISBN 978-92-5-134385-2
© **FAO**, 2021

Some rights reserved. This work is made available under the Creative Commons Attribution-NonCommercial-ShareAlike 3.0 IGO licence (CC BY-NC-SA 3.0 IGO; https://creativecommons.org/licenses/by-nc-sa/3.0/igo/legalcode).

Under the terms of this licence, this work may be copied, redistributed and adapted for non-commercial purposes, provided that the work is appropriately cited. In any use of this work, there should be no suggestion that FAO endorses any specific organization, products or services. The use of the FAO logo is not permitted. If the work is adapted, then it must be licensed under the same or equivalent Creative Commons licence. If a translation of this work is created, it must include the following disclaimer along with the required citation: "This translation was not created by the Food and Agriculture Organization of the United Nations (FAO). FAO is not responsible for the content or accuracy of this translation. The original [Language] edition shall be the authoritative edition."

Disputes arising under the licence that cannot be settled amicably will be resolved by mediation and arbitration as described in Article 8 of the licence except as otherwise provided herein. The applicable mediation rules will be the mediation rules of the World Intellectual Property Organization http://www.wipo.int/amc/en/mediation/rules and any arbitration will be conducted in accordance with the Arbitration Rules of the United Nations Commission on International Trade Law (UNCITRAL).

**Third-party materials**. Users wishing to reuse material from this work that is attributed to a third party, such as tables, figures or images, are responsible for determining whether permission is needed for that reuse and for obtaining permission from the copyright holder. The risk of claims resulting from infringement of any third-party-owned component in the work rests solely with the user.

**Sales, rights and licensing**. FAO information products are available on the FAO website (www.fao.org/publications) and can be purchased through publications-sales@fao.org. Requests for commercial use should be submitted via: www.fao.org/contact-us/licence-request. Queries regarding rights and licensing should be submitted to: copyright@fao.org.

This work was originally published by the Food and Agriculture Organization of the United Nations (FAO) in English as *Safety at sea for small-scale fishers*. In the event of discrepancies, the original language will govern.

Translation in Gujarati: Kardani Hitesh K

Illustrations and Layout: S Jayaraj and Yugraj Singh Yadava (BOBP-IGO)

# વિષયવસ્તુ


પ્રસ્તાવના ........ v
આભાર ........ vi
પ્રકરણ ૧- સામાન્ય સલામતી ........ 1
- સામાન્ય સલામતી ........ 3
- તૂટક પરની સલામતી ........ 4
- કઠેરા પરની સલામત જાળી અને સીડી ........ 14
- આગ અંગેની સલામતી ........ 18
- હવાની અવરજવર ........ 23
- પ્રકાશ........ 24
- દોરડા અને તારનું સંચાલન........ 25
- આંતરરાષ્ટ્રીય દરિયાઇ સંકેત અંગેના ધ્વજ ........ 30

પ્રકરણ ૨- વ્યક્તિગત સલામતી ........ 31
- વ્યક્તિગત સલામતી ........ 33
- ખલાસીઓનો સલામતી અને આરોગ્ય ........ 58
- જહાજ પરથી નીચે પાડવા સામે સાવચેતી ........ 59
- જીવન બચાવ ઉપકરણ........ 60
- ડૂબકી મારીને કરવામાં આવતી માછીમારીમાં સલામતી ........ 62

પ્રકરણ ૩- સ્થિરતા ........ 65
- સ્થિરતા ........ 67
- જહાજની સ્થિરતા જાળવવી ........ 70

પ્રકરણ ૪- સમુદ્ર પર અસ્તિત્વ ........ 71
- એન્જિન નિષ્ફળતાના કિસ્સામાં કેવી રીતે કાર્ય કરવું ........ 73
- જીવન રક્ષક નૌકા અને જીવન રક્ષક જેકેટ ........ 81
- વૈકલ્પિક જીવન રક્ષક બોયા ........ 84
- ઠંડાના સંપર્કમાં આવવાથી થતા જોખમો (અસ્તિત્વ ટકાવવાની તકનીકીઓ) ........ 85
- હાયપોથર્મિયા ........ 86
- નિમજ્જન પગ ........ 87
- સૂર્યતપન........ 88
- ખારા પાણીને લીધે થતા ચાંદા અને ધીમચાઓ ........ 88
- શારીરિક કાર્યો........ 88
- નીર્જલીકરણ ........ 88
- ચિત્તભ્રમણા અને માનસિક ખલેલ ........ 89
- સ્વચ્છતા........ 89

પ્રકરણ ૫- ઉપસંહાર ........ 91
- શું કરવું અને શું નહી(પગલા અને કાર્યવાહી ........ 92
- ધ્યાનમાં રાખવા માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ........ 95
- ઉપસંહાર ........ 97

# પ્રસ્તાવના

"સલામતી પ્રથમ" જે કોઈ પણ માછીમારી જહાજ પર કામ કરે છે તેને ધ્યાનમાં રાખવું જોઈએ. સલામતીને પ્રાથમિકતા આપવી જ જોઈએ. યોગ્ય સલામતીના પગલા જીંદગી બચાવશે, જહાજોને નુકશાન થવાથી, ગંભીર અકસ્માત અને ઈજાઓથી બચાવશે, પર્યાવરણને સુરક્ષિત કરશે અને નફાકારક માછીમારીમાં ફાળો આપશે.

તમામ માછીમારી નૌકાના માલિકો, સંચાલકો અને સુકાનીઓની તેમના ખલાસીઓને સલામતી પર તાલીમ આપવાની જવાબદારી છે. આ માર્ગદર્શિકા એ અકસ્માતોના ઉદાહરણો પુરા પડે છે કે જે જહાજ પર સંભવી શકે છે અને આવા અકસ્માતો રોકવા માટે યોગ્ય ટીપ્સ(સુચન) પૂરું પડે છે.

આ માર્ગદર્શિકા મુખ્યત્વે નાના પાયાના માછીમારો માટે બનાવવામાં આવી છે જે ૧૨ મીટરથી ઓછી લંબાઈની નૌકાનો માછીમારીમાં ઉપયોગ કરે છે. જોકે મોટા ભાગના સુચન ૨૦ મીટરની લંબાઈ સુધીના મોટા માછીમારીની નૌકા માટે પણ ઉપયોગી છે.

સલામતી જાગૃતિની બાબતોને પ્રોત્સાહન આપવા માટે તે સરળ રીતે લખાયેલ અને સચિત્ર છે.

# આભાર

"નાના પાયે માછીમારી કરતા માછીમારો માટે સમુદ્રમાં સલામતી" માટેની આ માર્ગદર્શિકા સયુંક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન દ્વારા બે ઓફ બેન્ગાલ પ્રોગ્રામ (આંતર સરકારી સંગઠન) ના ઘનિષ્ઠ સહયોગથી બનાવવામાં આવ્યું છે.

વર્તમાન માર્ગદર્શિકા ૨૦૦૭માં સુનામી પુનર્વસન કાર્યક્રમના ભાગ રૂપે ઉત્પાદિત માર્ગદર્શિકાનું અધતન કરેલું સંસ્કરણ છે, જેને ઇટાલી સરકાર દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. મૂળ માર્ગદર્શિકાએ Mr S. K. S. Jayasinghe, Mr Lalith Senanayake, Mr Ari Gudmundsson અને Mr Stefano Thermes દ્વારા વિકસિત કરવામાં આવેલ હતું. આ સુધારેલ અધતન માર્ગદર્શિકા Mr S Jayaraj and Mr Yugraj Singh Yadava (BOBP-IGO) દ્વારા Mr Raymon van Anrooy, Ms Iris Monnereau and Ms Nicole Franz (FAO) ની તાંત્રિક મદદ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

આ માર્ગદર્શિકા ખાદ્ય સુરક્ષા અને ગરીબી નાબૂદીના સંદર્ભમાં (એસએસએફ દિશાનિર્દેશો) "વોલન્ટરી ગાઈડલાઈન્સ ફોર સીક્યુરીંગ સસ્ટેનેબલ સ્મોલ સ્કેલ ફીશરીઝ" ના અમલીકરણના સમર્થનમાં તૈયાર કરવામાં આવી છે.

સદરહુ માર્ગદર્શિકા માટે નોર્વેની સરકારનો એફએઓના છત્રીય કાર્યક્રમ "એસએસએફ માર્ગદર્શિકાના પ્રોત્સાહન અને અમલીકરણ" તેમજ ગ્લોબલ એન્વાયરમેન્ટ ફેસેલીટી (જીઈએફ) દ્વારા પ્રાયોજિત "કલાયમેટ ચેન્જ એડેપ્ટેશન ઇન ધ ઈસ્ટન કેરીબીયન ફિશરીઝ સેક્ટર પ્રોજેક્ટ" નું યોગદાન મળેલ છે.

પ્રકરણ ૧

# સામાન્ય સલામતી



# સામાન્ય સલામતી

નાના પાયે માછીમારી કરવા માટેના જહાજમાં જહાજ પર સીમિત જગ્યા ઉપલબ્ધ હોઈ છે. ઘણા સાધનો, મશીનો તેમજ જાળી કે જે માછીમારી માટે જરૂરી હોઈ તે જહાજ પર સંગ્રહિત હોઈ છે. માછીમારીની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી બરફ, માછીમારી માટેના બેઈટ, મીઠું  પાણી, બળતણ અને ખોરાક જેવા પુરવઠો પણ ઓનબોર્ડમાં સંગ્રહિત થાય છે. કેટલીકવાર ક્રૂને રાંધવા અને રહેવા માટે પૂરતી જગ્યા હોતી નથી. ક્રૂની સલામતી માટે કામ કરવાની અને રહેવાની પૂરતી જગ્યા મહત્વપૂર્ણ છે. વહાણની જાળવણી એ પણ સલામતીનું એક મહત્વપૂર્ણ પરિબળ છે. સલામતી માટે સુકાન  અને ઇંધણ વ્યવસ્થાતંત્ર, સંદેશાવ્યવહારના સાધનો, હલ અને એન્જિન ઓપરેશન્સ તેમજ સલામતી સાધનોની નિયમિત તપાસ કરવી જરૂરી છે.

સાવચેત રહો: માછીમારીના જહાજો પર થતા અકસ્માતોનાં મુખ્ય કારણો નીચે મુજબ છે:

1. જહાજ પર આગ લાગવી
2. માણસનું જહાજ પરથી પાણીમાં પડવું
3. ખલાસીઓને નુકશાન પહોંચાડતા વ્યકતિગત અકસ્માતો
4. હલમાંથી પાણીનો રિસાવ થવો
5. સ્થિતિ ગુમાવવી અને અસહાય બની જવું
6. માછીમારીની જાળનો નાશ થવો
7. એન્જીન બંધ થઇ જવું
8. સુકાન બંધ થઇ જવું
9. પ્રોપેલર બંધ થઇ જવું
10. ગીઅર બોક્ષમાં તૂટફૂટ
11. ઇંધણનો અભાવ
12. તોફાન
13. પીવાના પાણી અને રાશનનો અભાવ
14. અન્ય વહાણ સાથે અથડાવું
15. સંદેશાવ્યવહાર પ્રણાલીનો નાશ થવો
16. ચાંચિયાઓના હાથમાં આવવું
17. ભુગ્રસ્ત થઇ જવું
18. વિસ્ફોટ
19. ઉગ્ર પવન અને પ્રવાહ
20. વીજળી

# તૂટક પરની સલામતી


દરવાજા તેમજ હેચ સુરક્ષિત રીતે રખાયેલ હોવા જોઈએ જેથી આકસ્મિક રીતે લસરે કે ખસે નહિ.
જ્યારે ઉપયોગમાં ન હોઈ ત્યારે પાણીની પાઈપ સંકેલીને તેની નિયત જગ્યાએ રાખવી જોઈએ.


સાધનો અને ઉપકરણો ફાળવેલ જગ્યાએ સુરક્ષિત સંગ્રહિત કરેલ હોવા જોઈએ.
આવનજાવનના રસ્તાને સાધનો અને જાળોથી મુક્ત રાખો.


ગૂંચવાઈ ગયેલ વાધા
કે જાળીને કાપવા માટે
હંમેશા છરી અથવા
વાયર કટર સાથે રાખો.
જાળ, દોરી કે હુકમાં
ફસાયેલા વ્યક્તિને
મુક્ત કરવામાં પણતે
મદદરૂપ થશે.


પેટ્રોલ અથવા આગ પકડી શકે
તેવા કોઈ જ્વલનશીલ
પદાર્થનો સફાઈ માટે ઉપયોગ
કરવો જોઈએ નહિ.
Gasoline



ખલાસીનું કાર્યક્ષેત્ર, તુતક, એન્જીન રૂમ તેમજ લંગર રાખવાની જગ્યા વગેરે લસરાય એવા પદાર્થોથી મુક્ત રાખવી જોઈએ.



તુતક પર જ્યાં માછલીને જાળવવામાં આવતી હોઈ કે પ્રક્રિયા કરવામાં આવતી હોઈ તે સિવાયની જગ્યા લસરાય નહિ તેવી હોવી જોઈએ.


તુતક પર રાખેલ માછીમારીની જાળી હંમેશા બાંધી રાખવી જોઈએ જેથી તે ખરાબ મોસમમાં છુટી ના પડી જાય.




સાધનોના પટા તેમજ અન્ય ફરતા પુર્જા યોગ્ય રક્ષક આવરણ સાથે ઢંકાયેલા હોવા જોઈએ.


ખલાસીના કામ કરવાના વિસ્તારમાં, રહેણાંક વિસ્તારમાં તેમજ અન્ય વિસ્તારમાં કોઈ તીક્ષ્ણ ખુલ્લી ધાર(વાળીવસ્તુ) રાખવી જોઈએ નહિ.


હોડીનું એન્જીન બંધ થઇ જાય તેવી પરિસ્થિતિમાં નૌકા હંકારવા સાદ, ધ્વજસ્થંભ, હલેસા વગેરે નૌકા પર હોવા જોઈએ.


જયારે વહાણને ગોદીમાં સુરક્ષિત કરો (લંગર કરો) ત્યારે સુરક્ષિત હોઈ ત્યારે જ બહાર નીકળો.જો તમે વહેલા નીકળશો તો ગોદી અને જહાજની વચ્ચે લસરી જવાની શક્યતા રહે છે.


કોઈ છે કે ત્યાં?
કોઈ પણ ખંડ, ટાંકી કે ખાનું બંધ કરતા પહેલા તેમાં કોઈ ફસાઈ ગયેલ કે ભૂલ થી રહી ગયેલ નથી તે ચકાસણી કરો.


વહાણનું તુતક અને અન્ય વિસ્તાર અવારનવાર સાફ કરતા રહો જેથી માછલીનો ચિકાસ દુર કરી જાય. અવારનવાર સફાઈ લસરી જવાથી કે પડી જવાથી બચાવે છે.


તમામ સાધનો તેમજ જાળીઓને વ્યવસ્થિત ગોઠવીને રાખો.



જ્યાં શક્ય હોઈ ત્યાં
પગલુછણીયાનો ઉપયોગ
કરવો જોઈએ જેથી પગ
સુરક્ષિત રીતે પકડ
મેળવી શકે.



જયારે વહાણ ચાલતું હોઈ
હોઈ ત્યારે ભારે ડોલથી
પાણી ના ભરવું જોઈએ
અન્યથા ડોલ તમને તુતક
પરથી નીચે ખેચી શકે છે.



જયારે હાથ વડે વાધા ખેચતા હોવ ત્યારે તમારા હાથને સુરક્ષિત રાખવા મોજાંનો ઉપયોગ કરો.




જયારે વહાણમાં એકલા મુસાફરી કરતા હોવ અને ડેક પર જવાનો અવસર આવે ત્યારે એન્જીનને ગીયરમાંથી કાઢો (ન્યુટ્રલ ગીયર પર રાખો) જેથી જો તમે વહાણ પરથી પડી જાવ તોપણ વહાણ તમારાથી દુર ન જાય.

# કઠેરા પરની સલામત જાળી અને સીડી

જ્યાં શક્ય હોઈ ત્યાં હાથમાં પકડવા માટે ઉપયોગમાં આવી શકે તેવા કઠેરા ફીટ કરવા જોઈએ જેથી ખલાસીઓને તુતક પરથી પડતા બચાવી શકાય.



વપરાશમાં ના હોઈ તેવા તુતકના દરવાજા અને હેચ હંમેશા બંધ હોવા જોઈએ જેથી નીચેના ભાગમાં પાણી ના પ્રવેશી શકે અને ખલાસી પણ અકસ્માતે તેમાં પડતા અટકાવી શકાય. ખાતરી કરો કે ગટરના ઢાંકણા યોગ્ય રીતે બંધ કરેલ છે.





જયારે ઉપયોગમાં ના હોઈ ત્યારે સીડી
અને ગેંગવે નીચેની બાજુ બાંધી રાખો
અથવા સુરક્ષિત રીતે સંગ્રહ કરો.





હંમેશા સીડીનો ઉપયોગ
કરતા પહેલા તેને ચકાસો.
તેની સારી રીતે
દેખભાળ(જાળવણી) કરો.



કામચલાવ સીડીનો ઉપયોગ ટાળો અને જો ઉપયોગમાં લેવાની હોઈ તો પહેલા તે ખાતરી કરો કે સીડી સુરક્ષિત રીતે બંધાયેલ છે.



કોઈ લપસી ન જાય તે માટે સીડી સાફ રાખવી જોઈએ.

જ્યારે કોઈ ખલાસી પાણીની અંદર કામ કરતા હોઈ ત્યારે સીડી અથવા દોરડાની સીડીને તુતક પર તૈયાર રાખવી જોઈએ.





જ્યારે પણ ઉંચાઈ પર કામ કરતા હોવ ત્યારે બોસન ખુરશીનો ઉપયોગ કરો.



# આગ અંગેની સલામતી

દરિયામાં આગ એ ખુબ જ ખતરનાક તેમજ જીવલેણ ખતરો છે. તમારા વહાણને આગના ખતરાથી મુક્ત રાખો. ઇંધણ, ગરમી અને હવા એ આગના આયામો છે. ખતરો ઓછો કરવા તેઓને અલગ અલગ રાખો.









ઈલેક્ટ્રીકની ગોઠવણ વ્યવસ્થિત ચાલુ છે તેની ખાતરી કરો. કોઈ ક્ષતિગ્રસ્ત કે ખુલ્લા વીજળીના વાયર, ખામીયુકત સ્વીચ તેમજ ઓવરલોડને કારણે બગડેલ પ્લગ  તુરંત જ બદલો.

ગેસના ચુલાના કટાયેલ રેગ્યુલેટર બદલો. દર વર્ષે અથવા તો એક્ષ્પાયરી તારીખ પહેલા ગેસની નળી બદલતા રહો અને  સૂર્યપ્રકાશમાં કે ખુલ્લા વાતાવરણમાં રહેતી હોઈ એવી નળી ખાસ બદલો.



જ્યારે ઉપયોગમાં ન હોઈ ત્યારે તમામ બર્નર્સ બંધ રાખો અને ગેસ બોટલમાંથી રેગ્યુલેટર અલગ કરી નાખો. નળી અને રેગ્યુલેટર પ્રમાણિત પ્રકારવાળા જ વાપરવા. પ્રોપેન અને બ્યુટેન ગેસ કે જે રસોઈ બનાવવા વપરાશમાં આવે છે તે પેટ્રોલ કરતા વધુ જોખમી છે. ઉપરોક્ત બંને ગેસ હવા કરતા વધુ ભારે હોઈ લીકેજ થાય ત્યારે વહાણના નીચેના ભાગમાં જમા થાય છે અને તેને દુર કરવા ખુબજ મુશ્કેલ છે. તુતક પરના બધા ગેસબોટલ સલામતી પૂર્વક રાખવાની કાળજી રાખો.



અલમારીમાં યોગ્ય જાળી રાખો, વાસણો ખાનામાં કે  ઘોડામાં રાખો. ગેસની આસપાસ પણ સુરક્ષા જાળી રાખો.

ગરમ સગડીને ક્યારે પણ રેઢી ના મુકો. ગ્રીસ અથવા તેલ ઝડપથી સળગી શકે છે અને મોટી આગ લાગી શકે છે.



જ્વલનશીલ પદાર્થોને ખલાસીઓની રહેણાંકની જગ્યાથી દુર યોગ્ય પાત્રમાં સંગ્રહિત કરવા જોઈએ.




તેલવાળા કપડા હંમેશા બિનજ્વલનશીલ ડબ્બાઓમાં સંગ્રહિત કરવા જોઈએ. તે પોતે અગ્નિ શરુ કરી શકશે નહિ પરંતુ ગરમીની અન્ય સ્રોત વિના સતત ગરમીમાં રહીને સ્વયંભુ જ્વાળામાં પરિવર્તિત થઈ શકે છે.




ધૂમ્રપાન વહાણના નિયુક્ત વિસ્તારમાં જ મંજુર હોવું જોઈએ. ધૂમ્રપાન માટેના નિયુક્ત વિસ્તારમાં આગ ઓલવવા માટે રેતી ભરેલ ડોલ તેમજ અગ્નિશામક રાખેલ હોવું જોઈએ. પલંગમાં ક્યારેય ધૂમ્રપાન કરશો નહિ.

અગ્નિશામક ઉપકરણો સરળતાથી પહોંચી શકાય તેવી જગ્યાએ રાખવા જોઈએ. વહાણ પર બધા ખલાસીઓ અગ્નિશામક ઉપકરણો ક્યાં રાખેલ છે તે અને તેને કેમ ચલાવવા તે જાણતા હોવા જોઈએ. તેનું સમયાંતરે નિરીક્ષણ કરવું ખુબ જરૂરી છે અને એક્ષ્પાયરી તારીખ આવે તે પહેલા પુનઃ ભરાવવો જોઈએ.



એન્જીન (તેમજ ચુલા) ના ધુંવાડીયાને નક્કર અથવા છિદ્રિત ધાતુના પતરાથી ઢાંકવી જોઈએ.



ધોવાયેલ કપડા, મોજાં, ટોપી અને અન્ય વસ્તુ સુકાવવા માટે ચૂલાની ઉપર ના રાખો. તે ચુલા પર પડીને આગ પકડી શકે છે.



# હવાની અવરજવર

બેટરી સહેલાયથી સુલભ થઇ શકે તેવા હવાના અવરજવર વાળા વિસ્તારમાં સારી રીતે સુરક્ષિત જાળવવી જોઈએ. બેટરીને પાણીથી દુર રાખો. બેટરીને ખલાસીઓને રહેવાના રહેણાંક વિસ્તાર થી દુર રાખો. બેટરીમાંથી નીકળતો ગેસ તેમજ ધુમાડો શ્વાસમાં જવાથી નુકશાન થઇ શકે છે.




ખલાસીઓના રહેણાંક ક્વાટર્સ તાજી હવા અવરજવર રહે તેવી રચના વાળા હોવા જોઈએ. એન્જીનનો ધુંવાડો જો એમાં જમા થાય તો તે બહુ ઘાતક સાબિત થઇ શકે છે.



# પ્રકાશ



માછીમારી દરમ્યાન જો અંધારાની જરૂર ન હોઈ તો તુતક પર ક્યારેય લાઈટ(બલ્બ) બંધ ના કરો. લાઈટ(બલ્બ) એવી જગ્યાએ લગાવવા જોઈએ કે જેથી તે નિયત નેવીગેશનલ લાઈટની અસરકારકતામાં અવરોધ પેદા ના કરે.




રાત્રીના સમયે તમે લંગર નાખીને રોકાયેલ હોવ તો પણ પોર્ટ સાઈડ (ડાબી બાજુએ) લાલ કલરની લાઈટ, સ્ટારબોર્ડબાજુ (જમણી બાજુ) લીલા કલરની લાઈટ અને ધ્વજદંડ પર સફેદ કલરની લાઈટ રાખો.



સુરક્ષિત રીતે કાર્ય કરવા માટે કાર્યક્ષેત્રના બધા ક્ષેત્રોમાં પુરતો પ્રકાશ હોવો આવશ્યક છે. પગથીયા, સાથી માર્ગો, અને સીડીની નજીક પણ પુરતો પ્રકાશ રાખો.

# દોરડા અને તારનું સંચાલન

જમણી બાજુ વળેલ દોરડાના નવા ફિન્ડલામાંથી કાઢવા દોરડાને અંદરની બાજુથી ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાંથી ખેચવો જોઈએ જેથી ફિન્ડલાનો વળાંક જાળવી શકાય.

દોરડામાં આવેલ ગુંચને યોગ્ય રીતે ઉકેલવી જોઈએ. જમણી બાજુના દોરડાને જમણી બાજુ વાળવું જોઈએ.





ગૂંચવાઈ ગયેલ કે ગાંઠ પડી ગયેલ દોરડાને કે તારને તાત્કાલિક બદલાવવા જોઈએ. ગાંઠ વાળા દોરડા કે તાર ને પુલી મારફત ખેચવું ખતરનાક થઇ શકે છે.


દોરડા પર ઓચિંતું ખેચાણ કે આંચકો આવવો ના જોઈએ અન્યથા દોરડું નબળું પડી શકે છે.


સારું


ઉત્તમ
જ્યાં શક્ય હોઈ ત્યાં ગાંઠની જગ્યાએ સાંધાનો ઉપયોગ કરવો જોઈએ કારણ કે ગાંઠ એ દોરડાને નબળું પાડી શકે છે.



બધી પુલીઓ દોરડા માટે પુરતી મજબુત અને મોટી હોવી જોઈએ. ગરેડીની પહોળાઈ દોરડાને અનુકુળ હોવી જોઈએ.

દોરડાની વહન ક્ષમતા જાણો અને તેથી વધુ વજન ક્યારેય ન ઉપાડો. ક્યારેય વજન ઊંચકવા માટે નબળા પડી ગયેલ તાર કે દોરડા ઉપયોગમાં લેવા નાં જોઈએ.




દોરડા કે જાળીને ક્યારેય છુટા લટકાવવા ના જોઈએ અન્યથા તે પ્રોપેલરને નુકશાન કરી શકે છે.
દોરડા, નેટ કે તૂટેલ જાળીઓનો ક્યારેય સમુદ્રમાં નિકાલ ના કરવો. નિકાલ કરેલ જાળી અન્ય વહાણ માટે મુસીબત ઉભી કરી શકે છે, ઘોસ્ટ ફિશિંગ (ભૂતિયા માછીમારી) દ્વારા પાણી બગડી શકે છે.


જયારે ઉપયોગમાં ન હોઈ ત્યારે દોરડાને સંકેલીને બાંધી રાખો જેથી અવરજવરમાં અડચણ ના પેદા કરે.

સતત ઘસાયને દોરડા નબળા પડી શકે છે. દોરડાની આસપાસ ચેફિંગ ગીયર(દોરડાની સલામતી માટેનું બાંધેલ કપડું) બાંધો અને વીંટાળો.



દોરડાને તેલ, પેટ્રોલ, કલર કે અન્ય રાસાયણિક પદાર્થોની દુર રાખો.




દોરડાને ક્યારેય મરોડો કે તીર્વ વાળો નહિ તેનાથી તે નબળા પડી શકે છે.



# અંતરરાષ્ટ્રીય દરિયાઈ સંકેત(સિગ્નલ) ધ્વજ



“મારાથી દુર રહો..હું
મુશ્કેલીમાં છુ.



હું મારું વહાણ સ્ટારબોર્ડ
(જમણી) બાજુ વાળું છુ.



હું અશક્ત છુ. મારી જોડે
વાતચીત કરો.



મારે ટંડેલની જરૂર છે.
માછીમારી જહાજ દ્વારા
નજીકના માછીમારીના ક્ષેત્રમાં:
“ હું જાળી ખેચું છુ”.



હું મારું વહાણ પોર્ટ (ડાબી)
બાજુ વાળું છુ.



મને આગ લાગેલ છે અને
વહાણમાં ખતરનાક સામાન છે:
મારાથી દુરી બનાવી રાખો
અથવા મારા વહાણમાંથી
ભયાનક સામાનનો રસાવ
થાય છે.



હું તમારી સાથે વાતચીત
કરવા માગું છુ.



મારું વહાણ બંધ થઈ ગયું છે
અને પાણીમાં તેની રીતે
ચાલે છે.



ખલાસી પાણીમાં છે.
(ઘણીવાર તુટક પરના દંડ
સાથે ચોટાડેલ હોઈ છે).
આફતના સમયમાં ભયજનક
ધ્વજ ફરકાવો.



મારાથી દુર રહો. માછીમારી
વહાણ દ્વારા: મારાથી દુર
રહો હું પેઈર ટ્રોલિંગ
(બુલ ઓજો)કરું છુ.



મારે મદદની જરૂર છે.



મારે તબીબી મદદની
જરૂર છે.



હું લંગર ખેંચું છુ.



મારે ખેંચનૌકા(ટગબોટ)
જોઈએ છે. માછીમારી જહાજ
દ્વારા નજીકના માછીમારીના
ક્ષેત્રમાં “હું જાળી ખેંચું છુ.

પ્રકરણ ૨

# વ્યક્તિગત સલામતી



# વ્યક્તિગત સલામતી



લટકતા વજન, ઉભા કરેલ વાંસ, ડેરિક(ભારે બોજો ઉપાડવાનું યંત્ર) કે ક્રેનની નીચે ક્યારેય ઉભા ના રહો.



જો યોગ્ય બંધાયેલ ના હોઈ તો આમતેમ હાલતા વજન પાસે ના ઉભો.





ખેંચાયેલ દોરીની સીધમાં ઉભા ના રહો. જયારે ખેચાયેલી દોરી તૂટે છે ત્યારે તે જે દિશામાં બાંધેલ હોઈ તે દિશામાં જાય છે અને શરીરને નુકશાન કરી શકે છે.

ખેંચાયેલ તારની ઉપર ના ઉભો રહો. જો તે તૂટે તો તમે પડી શકો છો.

જયારે ઉંચાઈ વાળી જગ્યા પર કામ કરતા હોવ ત્યારે સલામતી પટો (સેફ્ટીબેલ્ટ) પહેરીને કામ કરો. સલામતી પટો (સેફ્ટી બેલ્ટ) તમને નીચે પડતા અટકાવશે.









વહાણ પર ચપ્પલનો ઉપયોગ ના કરો. તુતક પર લાસરવાથી બચવા માટે યોગ્ય પગરખા પેરો.





વહાણના અધખુલ્લા હેચ કે મેનહોલના ઢાંકણ પર ના ચાલો. ઢાંકણ ખસી જવાથી તમો અંદર પડી શકો છો.





દોરડા કે તાર સાથે કામ કરતી વખતે મોઝા પહેરો.



ચાલુ એન્જીનમાં ક્યારેય રીપેરીંગ કે સમાયોજન(ગોઠવણ) ના કરો.



મોટી ભારે માછલીને ક્યારેય ચાલુ વહાણની સામેની બાજુએથી ઉપર ના ખેંચો. હંમેશા માછલીને તમારી ઉભવાની જગ્યાથી પાછલા ભાગમાં લઇ ને વહાણ પર ખેંચો. આ સ્થિતિ તમને કોઈ પણ મુશ્કેલીમાં વહાણ હલનચલન થતું હશે તો માછલીને મુક્ત કરી દેવામાં મદદ કરશે.




જહાજ પરથી નીચે
પડતા બચવા
વહાણની કઠેરા
પણ ના બેસો.


તોફાની વાતાવરણમાં કે રાત્રીના તુતક પર એકલા ના
જાઓ. જયારે ખરાબ વાતાવરણમાં કે જવું જરૂરી હોઈ
ત્યારે હમેશા સલામતી માટે સેફટીરસી સાથે જોડાણ રાખો
જેથી વહાણ પરથી પડી જવાથી બચી શકાય.

જયારે બળતણની ટાંકી ખોલો ત્યારે ત્યાં હવાની સારી અવરજવર છે તેની ખાતરી કરો. બળતણ ટાંકીમાંથી નીકળતા ધુમાડા આરોગ્ય માટે ખરાબ છે અને જોખમી પણ હોઈ શકે છે. લાંબા સમય સુધી બંધ રાખેલ ટાંકીઓમાં કાર્બન મોનોક્સાઈડ જેવા વાયુઓ હોઈ શકે છે.




ધાતુના કાર્ય, વેલ્ડીંગ કે કલર કામ કરતી વખતે પ્રકાશ, ઉડતા કણો કે બળતરા કરતી બાષ્પથી બચવા આંખોને યોગ્ય આંખરક્ષક (ચશ્માં) થી ઢાંકો.

વેલ્ડીંગ કરતી વખતે આંખની સલામતી માટે કાળા ચશ્માં પહેરો. હાથને પણ ઘાવથી બચાવવા મોઝા પહેરો.







દોરડા કે તારના ગૂંચળાની વચ્ચે ના ઉભો. જો તે ઓચિંતું ખેચાશે તો ગંભીર ઈજા થઇ શકે છે.





દોરડાને ખેચતી વખતે વચ્ચે રાખેલ બોલાર્ડથી(વહાણના તુતક પર રાખેલ જાડી થાંભલી કે જેની મદદથી દોરડા ખેચી શકાય)  યોગ્ય અંતર બનાવીને રાખો.


તુતક પર કે સીડી પર ક્યારેય દોડો
નહિ. તેથી તમારો પડી જવાનો,
લસરી જવાનો ખતરો વધુ રહે છે.
ક્યારેય કુદકા ન મારો. હંમેશા વહાણ
પર જવા કે આવવા સીડી અથવા
ગેંગવે નો ઉપયોગ કરો.





પગથીયા કે સીડી ચડતી વખતે તમારું મોં સીડી કે પગથીયાની દિશામાં રાખો અને કઠેરાને મજબુતપણે પકડી રાખો. તમે દરેક પગથીયું ભરતી વખતે તે જોઈ શકતા હોવા જોઈએ. આ પરિસ્થિતિમાં તમો વહાણ (રોલિંગ) હલનચલન કરતુ હશે તો પણ તમે સારી રીતે સંતુલન બનાવી શકશો.





જયારે તુતકની નીચે બરફના ખાનામાં અથવા ફ્રીઝરમાં જવાનું થાય ત્યારે મોઝા, બુટ, હેલ્મેટ અને યોગ્ય(ગરમ) કપડા પહેરો.



તમારા શરીરને સીધા સૂર્યકિરણમાં ખુલ્લું ના રાખો. વધુ પડતો તડકો (અલ્ટ્રા વાયોલેટ કિરણો) ત્વચા સબંધી બીમારી કે કેન્સર કરી શકે છે.



તડકામાં સતત રહેવાથી આંખને નુકશાન થઇ શકે છે માટે તડકામાં ચશ્માં પહેરો. હમેશા ટોપી કે હેટ અને લાંબી બાયો વાળા કપડા પહેરો અને અવારનવાર સનસ્ક્રીન લોશન લગાવતા રહો.





વાંકા વળીને ફક્ત કરોડરજ્જુ પર વજન આવે તે રીતે ક્યારેય ભારે વજન ના ઉંચકો. તેને બદલે, તમારા એક પગને આગળ લઇ જઈ અડધા ઉભા થવાની સ્થિતિમાં વસ્તુ પકડો અને પીઠ સીધી કરો અને વજન સાથે ઉભા થાઓ. આનાથી પીઠની ઈજા અટકશે કે જેના ભવિષ્યમાં ગંભીર પરિણામો આવી શકે છે.


સાવધાની રાખો કે બાર અને બારી બરોબર અટકાવેલા હોઈ. વહાણના રોલિંગ અને પીચીંગ દરમ્યાન બારી કે દરવાજો ખુલીને અથડાઈને ઈજા પહોચાડી શકે છે.


હમેશા તમારા હાથનું ધ્યાન રાખો અને થનાર ઈજાથી બચાવીને રાખો.




જયારે પણ ઇલેક્ટ્રિક વસ્તુનું સમારકાર કરતા હોઈ ત્યારે કે વાયર સાથે કામ કરતી વખતે પુરેપુરી તકેદારી રાખો. ઇલેક્ટ્રિકલ કામ કરતા પહેલા ખલાસીઓને એના બાબતે સૂચિત કરો.

જયારે વીજળી થતી હોઈ ત્યારે ખુલા તુતક પર ઉભા ના રહો. વીજળી માટે તમે જમીન પર પહોંચવા માટે સૌથી ઉચી જગ્યા હોઈ શકે અને તમારા શરીર મારફત તે જમીનમાં ઉતરી શકે. હમેશા વ્હીલ હાઉસની અંદર રહો જેથી તમે છતથી રક્ષાયેલા રહો.



જ્યાં સુધી શક્ય હોઈ ત્યાં સુધી સુકા, ચોખ્ખા અને યુસ્ત કપડા પહેરો. કોઈ પણ ચાલતા પુર્જાની નીચે કે નીચે પડી શકે તેવી હોઈ એવું વસ્તુ નીચે કામ કરતી વખતે હેલ્મેટ કે સખત ટોપી પહેરો.



તમારી છરીને હમેશા આવરણમાં રાખો જેથી અકસ્માતે તેના દ્વારા થતા કાપાથી કે ઘસારાથી બચી શકાય.





હંમેશા દરવાજામાંથી દાખલ થતી વખતે માથું અથડાઈ નહિ તેનું ધ્યાન રાખો. વહાણના દરવાજા સામાન્ય દરવાજા કરતા નીચી ઉંચાઈના હોઈ છે.







ખાનામાં અથવા હેચમાં પુરતો પ્રકાશ નાં હોઈ તો દાખલ ના થાઓ. સામાન્ય પ્રકાશની વ્યવસ્થા સાથે વ્હીલ રૂમ અને એન્જીન રૂમમાં ઈમરજન્સી લાઈટ હોવી જોઈએ.

વધુ પડતો દારૂનો કે દવાનો વપરાશ એ ખલાસી અને વહાણ માટે ખતરો રહે છે. ઘરે બનાવેલ વધુ પડતા આલ્કોહોલના પ્રમાણવાળું પીણાના વપરાશ ના કરો. ઝેરી સ્પીરીટના ઉપયોગથી ઘણા મોત નોંધાયેલા છે.



ક્યારેય તીક્ષ ધાર વાળું હથિયાર કે વસ્તુ હેન્ડલ પકડીને સામે વળી વ્યક્તિને ના આપો. આપલે વખતે હમેશા અણીવારો ભાગ તમારી બાજુ રાખી સામે વળી વ્યક્તિને આપો.



ક્યારેય કોઈ પણ કડક વસ્તુને કાપતી વખતે ચપ્પુ તમારી દિશામાં આવે તે રીતે ના કાપો. ચપ્પુની દિશા તમારા શરીરથી દુર રહે તે રીતે કાપો.





માછીમારી પર જતા પહેલા તમારી જાતને વાયરલ હુમલાથી બચવા યોગ્ય રસી લ્યો.

તમે ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં હોવ તો પણ દરિયાનું ખારું પાણી ના પીઓ. તમે પાણી પીધા વગર એનાથી વધુ લાંબો સમય જીવિત રહી શકો છો.



હંમેશા ચુસ્ત કપડા પહેરો જેથી તે મશીનરી કે જાળીમાં ફસાઈ ન જાય. ખુલ્લા બુટાનો જાળી કે માછીમારીની અન્ય નેટમાં ફસાય શકે છે. તેને પટ્ટીથી ઢાંકી જોખમ ઘટાડી શકાય છે.



તમારા લાંબા વાળ ટોપી નીચે રાખો. તેનાથી તમારા વાળ પુલી કે અન્ય સાધનમાં આવતા અટકાવી શકાય.




વીંટી તેમજ કડા પહેરવાનું ટાળો. તે જાળમાં કે માછીમારીના અન્ય નેટમાં કે સાધનોમાં ફસાય શકે છે.


એન્જીન રૂમના હેચનો દરવાનો ખુલો હોઈ ત્યારે સાવચેતી રાખવી. કેટલીક બોટમાં ખલાસીઓના રહેવાના રૂમમાંથી એન્જીન રૂમમાં જઈ શકાય તેવો દરવાનો હોઈ છે અને જો તમારું ધ્યાન ના હોઈ તો તમે ત્યાંથી એન્જીન રૂમમાં પડી શકો છો.


ઉંચાઈ પર કામ કરતી વખતે
સાધનો અને કલરના ડબ્બાને
બાંધીને રાખો જેથી તે નીચે ના પડે
અને કોઈ ને ઈજા ના પહોચાડે.


જ્યાં સુધી તમને કહેવામાં ના
આવે ત્યાં સુધી કોઈ ના કામમાં
દખલ ના કરો. કામ પરની જગ્યા
પર યોગ્ય પોશાક પહેરો.



પુલી પર ચડાવવા તારને ક્યારેય ખુલ્લા હાથે ના પકડો. હંમેશા પાનું વાપરો. ખેચાતા તારને ક્યારેય ના પકડો.





તમારા છૂટીના સમયગાળા દરમ્યાન કામની જગ્યાથી દુર રહો.

મોટી જીવંત માછલી ને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરશો નહિ. શાર્કનું મુખ માછલી મર્યા પછી પણ સંકોચાય શકે છે. સ્કેટ માછલીની પૂછડીની વચ્ચે ઝેરી કાંટો હોઈ છે જેનો ડંખ ઘાતક થઇ શકે છે.







ફૂલેલી કાંટાવાળી માછલી(પફર ફીશ) નાં ખાઓ. તે ઝેરી હોઈ શકે છે. ભીંગડા વાળી માછલી ખાવા માટે યોગ્ય છે.

ખુલ્લા હાથે પાણીમાં તરતી જેલી ફીશ કે અન્ય જીવંત વસ્તુ ના અડકો. જયારે તેઓને સ્પર્શ કરવામાં આવે ત્યારે તે ત્વચામાં બળતરા પેદા કરી શકે છે.







માછલીના આંતરડા કાઢતી વખતે પુરતી કાળજી રાખવી.
માછલીના તીક્ષ્ણ હાડકા, દાંત અને મીન પંખ જોખમી હોઈ શકે છે.



ગોગલ્સ અથવા સલામતી ચશ્માં પહેરીને તમારી આંખોને માછલીના હુકથી બચાવો.



ભારે માછલીને ક્યારેય ઉપાડશો નહિ. ટ્રોલી અથવા ગરેડી વાપરો.







બરફમાં ઝમાંવેલી (ફ્રોઝેન) માછલી સાથે કામ કરતી વખતે સલામતી બુટ પહેરો.

# ખલાસીઓની સલામતી અને આરોગ્ય

- માલિકના પ્રતિનિધિ તરીકે સુકાનીની વહાણ પરના ખલાસીની સલામતી અને આરોગ્યની અને વહાણની સલામતીની સંપૂર્ણ જવાબદારી છે.
- ખલાસીઓએ  માલિક, સુકાની અને અન્ય ખલાસીઓને પોતાની તેમજ અન્ય ખલાસી અને અન્ય માણસોની સલામતી અને આરોગ્યની બાબતમાં સહકાર આપવો જોઈએ.
- બધા ખલાસીઓએ તેમના સુકાની અને અન્ય સાથીદારોને પોતાની એલર્જી વિષે તેમજ અન્ય તબીબી જરૂરિયાત અંગે જાણ કરવી જોઈએ.
- જેટલા પણ ખલાસીની દવા ચાલુ હોઈ તેઓએ પુરતી માત્રામાં તબીબી દવાનો પુરવઠો સાથે રાખવો કે જે આખી માછીમારીની મુસાફરી દરમ્યાન પુરતો રહે.
- ખલાસીઓ કોઈ પણ મુશ્કેલીઓથી મુક્ત હોવા જોઈએ કે જે તેમને તેમના સમુદ્રમાં રોકાણમાં અવરોધ કરે.
- કોઈ પણ ખલાસી કે જે બીમાર પડવાની શંકા છે તેને ફિશિંગ ટ્રીપમાં સામેલ કરવો જોઈએ નહિ.

# બોટ પરથી નીચે પાડવા અંગે સાવચેતી

- બોટમાંથી પડી જવું એ દરિયામાં જાનહાનીનું સૌથી મોટુ કારણ હોઈ હંમેશા સાવચેત રહેવું.
- વહાણની ગતિ કે દિશામાં ફેરફારની ઘટનાની ખલાસીઓને માહિતી આપો કારણ કે ઓચિંતી ગતિમાં ફેરફારથી બેધ્યાન તેઓ ફસાય શકે છે.
- વહાણના પ્રકાર અને કદ મુજબ લાઈફલાઈન ફીટ કરાવેલ હોવી જોઈએ જેથી ખરાબ વાતાવરણમાં ખલાસી તુતક પરથી નીચે પડતા કે બોટ પરથી નીચે લસરી પડતા અટકાવી શકાય. તુતક પર લાઇફલાઇન એ મેનરોપ સાથે બંધાયેલ હોવી જોઈએ.
- જયારે ખરાબ મોસમમાં તુતક પર કામકાજ ચાલતું હોઈ ત્યારે અથવા તુતક પર કામ ચાલતું હોઈ અને નીચે પડી જવાનો ભય હોઈ ત્યારે ખલાસીઓના સલામતી હુક સલામતી દોરડા સાથે બાંધી રાખવા જોઈએ અને સલામતી દોરડુ યોગ્ય લંબાઈની હોવી જોઈએ જેથી વહાણ પરથી પડતા અટકાવી શકાય અને જો તે શક્ય ના હોઈ તો સલામતી જેકેટ કે સેફટી વર્ક વેસ્ટ નો ઉપયોગ કરવો.
- જયારે વહાણ ચાલતું હોઈ અને અત્યંત જરૂરી હોઈ તોજ વહાણની બહારની બાજુ પરનું કામકાજ કરવું. આવા પ્રકારના કામ કરતા પહેલા સલામતી માટેના જરૂરી પગલા અવશ્ય લેવા.



# જીવન રક્ષક સાધનો

દરેક ખલાસી માટે વહાણમાં માન્ય પ્રકારના લાઈફ જેકેટ ઉપલબ્ધ હોવા જોઈએ.



તુતક પર કામ કરતી વખતે તમારું લાઈફ જેકેટ અવશ્ય પહેરો. પાણીમાં લાઈફ જેકેટ પહેરલ વ્યક્તિના જીવિત રહેવાની શક્યતા ખુબ વધુ રહે છે.



લાઈફ જેકેટ સરળતાથી સુલભ હોવા જોઈએ અને તેમની સ્થિતિ સ્પષ્ટ દર્શાવવી જોઈએ.



સ્વયંમ પ્રકાશિત લાઈટ સાથેની લાઈફ રીંગ કે બોયંટ લાઈફલાઈન તૈયાર રાખો.


જ્યારે તમારે કટોકટીમાં
સહાયની જરૂર હોઈ ત્યારે
અન્ય વહાણને તમારી
સ્થિતિ સૂચવવા
જ્વાળા(flares), ધુમાડા
સંકેત અને પેરેસુટ વહાણ
પર ઉપલબ્ધ હોવા
જોઈએ.


વહાણ પર રડાર પરાવર્તક રાખવું જોઈએ, જે તમારી તરફ આવતા જહાજને
તમારી સ્થિતિ નક્કી કરવા મદદ કરશે તેમજ તમારા જહાજ અને જાળીથી
દુર રહેવા તેમને પુરતો સમય આપશે. વહાણ પર રાખેલ રડાર પરાવર્તક
કટોકટીની પરિસ્થિતિમાં બચાવ જહાજોને તમારા જહાજને શોધવાનું
પણ સરળ બનાવે છે.

# ડૂબકી મારીને કરવામાં આવતી માછીમારીમાં સલામતી

નાના પાયા પર માછીમારી કરતા માછીમારો કે જેઓ સ્કુબા અથવા સપાટી પરથી હવા પૂરી પાડતા સ્કુબા (surface supply diving gear) નો ઉપયોગ કરે છે તેઓએ સ્કુબા માટે જરૂરી સાધનો અને તેના ઉપયોગ કરવાની પ્રક્રિયા અંગે તાલીમ લેવી આવશ્યક છે.

ડાઈવીંગની તમામ કામગીરી માટે જરૂરી ઓછામાં ઓછા ખલાસીઓની સંખ્યા જેટલા ખલાસી હોવા ખુબ જરૂરી છે. ડાયવિંગ સુપરવાઈઝર હંમેશા ફરજ પર હાજર અને ચોકસાઈભરેલ હોવો જોઈએ.

અન્ય જરૂરી આવશ્યકતાઓમાં સામેલ છે:

1. માલિકોએ પુરતી ખાત્રી કરવી જોઈએ કે બધા ડાઈવર્સ એ પુરતી તાલીમ પૂર્ણ કરેલ છે અને ડાઈવીંગના સાધનોનો ઉપયોગ કેમ કરવો તે જાણે છે.
2. જયારે ગોતાખોરી ચાલુ હોઈ ત્યારે આકસ્મિત સહાય પહોચાડવા એક સ્ટેન્ડબાય ગોતાખોર હંમેશા તૈયાર હોવો જોઈએ કે જે એક મિનીટમાં પાણીમાં પ્રવેશવા થવા સમર્થ હોઈ.
3. ગોતાખોરીમાં વાપરવામાં આવતા જહાજ પર રેડિયો અથવા ફોન અવશ્ય હોવો જોઈએ જેથી આપતકાલીન પરિસ્થિતિમાં ઈમરજન્સી સર્વિસ ને સૂચિત કરી શકાય.
4. ગોતાખોરી માટેના જહાજમાં પ્રાથમિક સારવાર માટેના બધા જરૂરી સાધનો હોવા જોઈએ જેમાં ઓક્સિજન થેરાપી યુનીટનો પણ સમાવેશ થાય છે. બધા ગોતાખોરો CPR(મુહ થી મુહ શ્વાસોશ્વાસ આપવાની પધ્ધતિ) અને ઓક્સિજન થેરાપીમાં પ્રવીણ હોવા જોઈએ.
5. ગોતાખોરો અને તેના સુપરવાઈઝર બંને માટે અલગ અલગ ડાઈવીંગ લોગ બુક રાખવી જોઈએ. લોગ બુકમાં ગોતાખોરીના સાધનોનો પ્રકાર, ગેસનો પ્રકાર, સમય, મહતમ ઊંડાઈ, સપાટી પર આવવાની અંતરાલ,વિધાટન કોષ્ટક, તારીખ અને નોંધની વિગતો હોવી જોઈએ. ગોતાખોરના સુપરવાઈઝરની લોગ બુક ગોતાખોરી પૂરી થયા બાદ માલિક પાસે નોંધાયેલ હોવી જોઈએ.
6. જયારે ગોતાખોરી ચાલુ હોઈ ત્યારે જહાજ પર આંતરરાષ્ટ્રીય સંકેત "આલ્ફા" ફરકાવેલ હોવો જોઈએ. આ ધ્વજ સંકેત ફક્ત ગોતાખોરી ચાલુ હોઈ ત્યારે જ દર્શાવવો જોઈએ અને જયારે બધા ગોતાખોરો પાણીની બહાર આવે એટલે આ ધ્વજ દુર કરવો જોઈએ.



7. ગોતાખોરીને સલગ્ન તમામ જહાજોમાં કોસ્ટગાર્ડ, મેડીકલ એરલીફ્ટ, નેવી અને ડાઈવીંગની દવાના જાણકાર અને સક્ષમ ડોકટરોજેવી કટોકટી સેવાઓ માટે રિકમ્પ્રેશન ચેમ્બરવાળી નજીકની સુવિધાઓના સ્થાન તેમજ ટેલીફોન નંબરની અધતન સૂચી હોવી જોઈએ.

8. ડાઈવીંગની દવાના જાણકાર અને સક્ષમ ડોક્ટર દ્વારા ૪૦ વર્ષ કે તેથી વધુ ઉમરના ગોતાખોરની વર્ષ માં ઓછામાં ઓછી એકવાર તપાસ થવી જોઈએ. ૪૦ વર્ષથી નીચેની ઉમરના ગોતાખોરોને દર ૨ વર્ષે તપાસવા જોઈએ. દરેક ગોતાખોરી પછી, ગોતાખોરોએ ઓછામાં ઓછા ૨૪ કલાક માટે ચેતવણી ટેગ પહેરવા જરૂરી છે. આ ટેગ પહેરનાર વ્યક્તિ ડાઈવીંગની બીમારી જેવી કે ડી કમ્પ્રેશન સિકનેસ ધરાવે છે એવું દર્શાવતા હોઈ છે.

9. સીડી પાણીમાં ખુબ લાંબી હોવી જોઈએ જેથી ગોતાખોર સરળતાથી બોટમાં ચડી શકે.

10. સાવધ રહો કે તમે પાણીમાં ખુબ જડપથી સપાટી પર ના આવો અન્યથા તમોને ડીકમ્પ્રેશન સીક્નેશ થઇ શકે છે.

11. ગોતાખોર તેના સાથી ગોતાખોર સાથે અથવા તો ઉપર સપાટી પર દોરીથી, ફ્લોટસથી કે અવાજદ્વારા સતત સંપર્કમાં હોવો જોઈએ.

12. ગોતાખોરે આયોજીત મહત્તમ સમય કરતા વધારે સમય સધી કોઈ પણ ઉંડાઈ પર રહેવું ના જોઈએ.

13. સ્કુબા ડ્રાઈવરે(ગોતાખોરે) ૪૦ મિટર કરતા વધુ ઊંડે ના જવું જોઈએ

14. સ્કુબા સીલીન્ડર દર વર્ષે અંદરથી ચેક કરાવવું જોઈએ અને દર પાંચ વર્ષે હાયડ્રોસ્ટેસ્ટીકલી(અંદર દબાણપૂર્વક પાણી ભરી કરાતી તપાસ) તપાસ કરાવવી જોઈએ.

15. ન્યુનતમ તરીકે, સ્કુબા ડ્રાઈવરોએ ડાઈવીંગ સુપરવાઈઝરના સૂચવ્યા મુજબ નીચે મુજબના ઉપકરણોણે ઉપયોગ કરવો જ જોઈએ:



- ઝડપી મુક્ત થઇ શકે તેવી હાર્નેશ અને પ્રેસર ગેઈઝ વાળું સ્કુબા યુનિટ
- ચહેરા માટેનું માસ્ક અને સ્નોર્કલ
- સ્વીમીંગ ફીન્સ અને/અથવા બુટ
- વેટ સ્યુટ અથવા ડ્રાય સ્યુટ
- મોઝા
- ડાઈવીંગ છરી
- ઉંડાઈ માપક, સબમર્સીબલ પ્રેસર ગેજ અને કમ્પાસ
- બોયંસી કન્ટ્રોલ ડીવીસ (BCD)
- એર સીલીન્ડર (સ્કુબા ટેંક) અને રેગ્યુલેટર બે માઉથ પીસ સાથે
- વીતેલા સમય સૂચક અથવા ડાઈવ કમ્પ્યુટર સાથેની પાણીની અંદરની ઘડિયાળ
- વજન પટો – ઝડપથી મુક્ત થઇ શકે તેવા બકલ સાથે
- પાણીની અંદરની ફ્લેશલાઈટ
- સપાટી માર્કર સિગ્નલ/બોયુ કીટ

16. સલામત ડાઇવિંગ સુનિશ્ચિત કરવા સપાટી પરથી જોડાયેલ ડાઇવર્સઓને પોતાની ઉંડાઈ અને સમય મર્યાદાની જાણ હોવી જોઈએ.

17. સપાટી પરથી જોડાયેલ ગોતાખોરો પાસે ડાઈવર્સ ટેન્ડર હોવું જોઈએ.

18. દરેક ગોતાખોરની હવાની પાઈપમાં દબાણમાપક અને અલગ વાલ્વ હોવું જોઈએ. દબાણમાપક એ વાલ્વ પછી હોવું જોઈએ.

19. સપાટી પરથી જોડાયેલ પાઈપ લાઈફ લાઈન સાથે જોડાયેલ હોવા જોઈએ જેથી સપ્લાય પાઈપ પર કે હેલ્મેટ પર તાણ ના આવે. લાઈફલાઈન ૧૬ એમએમ જાડાઈની પોલીપ્રોપીલીન અથવા તેને સમકક્ષ અન્ય કૃત્રિમ રેસાની બનેલ હોવી જોઈએ. ગોતાખોતોએ નિયત કરેલ અને સપાટી પરથી જોડાયેલ ગોતાખોરો માટે નિશ્ચિત કરેલ યોગ્ય પાઈપ જ વાપરવા જોઈએ.

પ્રકરણ 3

# સ્થિરતા



# સ્થિરતા



જ્યાં સુધી તે ખરેખર ઉપયોગમાં ન આવે ત્યાં સુધી બધા વોટરટાઇટ(પાણીવાહક) દરવાજા બંધ રાખો.

ખાતરી કરો કે આ વોટરટાઈટ દરવાજા સુરક્ષિત રીતે બંધ છે ખાસ કરીને જયારે રફ હવામાનની આગાહી કરવામાં આવેલ હોઈ.



બંધ થઇ ગયેલ પાણી નિકાલ માટેના છિદ્રો જહાજની સ્થિરતા માટે ગંભીર સંકટ લાવી શકે છે.



રફ હવામાનમાં તૂટક પર આવતા દરિયાના પાણીના તુરંત નિકાલ માટે પાણી નિકાલના છિદ્રો ખુલા હોઈ તે સુનીચ્ચિત કરો.




ખાતરી કરો કે વહાણ ઓવર લોડ ભરેલ નથી. ભારે સમાનને શક્ય હોઈ તેટલું નીચે રાખવાની પ્રથા પાળો. આનાથી વહાણની સ્થિરતા સુધરે છે અને વહાણ ગોથું મારવાની શક્યતા ઘટે છે.




જહાજમાં કોઈ પણ મોટા ફેરફારો જેવા કે લંબાઈ વધારવી, વ્હીલ હાઉસમાં ફેરફાર કરવો કે ટાંકીની ડીઝાઇન બદલવી વગેરે ના કરવા. આનાથી જહાજની સ્થિરતા ઓછી થાય છે.





દરવાજાના હેન્ડલને અવારનવાર ચકાસો અને ગ્રીઝ કરો.

ખાતરી કરો કે બધા ખાના પાણી ચુસ્ત (વોટરટાઈટ) છે.



# ફિશિંગ ગ્રાઉન્ડ અને પાછા બંદર તરફનો માર્ગ

## જહાજની સ્થિરતા જાળવવી

- જહાજના બનાવનાર દ્વારા પૂરી પાડવામાં આવેલ જહાજ સ્થિરતા પુસ્તિકામાં ભલામણ મુજબ જહાજમાં સમાન ભરો. જહાજમાં ક્યારેય ઓવરલોડ સમાન ના ભરો. જહાજ માલિકે ખાતરી કરવી આવશ્યક છે કે વાહણ બળતણ બરફ અને અન્ય જોગવાઈઓથી ઓવરલોડ નથી કે જે લાંબા સમય સુધી સમુદ્રમાં બહાર રહેવા માટે જરૂરી છે.
